# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વેવ્ઝ સમિટનું ઉદઘાટન કરતા જણાવ્યું કે, વૈશ્વિક સર્જનાત્મકતાની આગેવાની લેવા ભારત માટે આ ઉત્તમ સમય છે.
2) ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે સરકાર પહલગામ આતંકવાદી હુમલામાં સામેલ કોઈને પણ છોડશે નહીં
3) ચૂંટણી પંચે મતદાનપત્રકની ચોક્સાઇ સુધારવા અને મતદાન પ્રક્રિયા સુધારવા વિવિધ પહેલ શરૂ કરી
4) એપ્રિલ મહિનામાં ચીજ વસ્તુ અને સેવા કર -GST ની વસૂલાત 12.6 ટકા વધીને 2.37 લાખ કરોડ રૂપિયાની સર્વોચ્ચ સપાટીએ
5) આઇપીએલમાં રાજસ્થાન રોયલ્સે મુંબઇ ઇન્ડિયન્સ સામે ટોસ જીતીન બોલિંગ પસંદ કરી

..........................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# WAVES PM MODI-1

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, વૈશ્વિક સર્જનાત્મકતાની આગેવાની લેવા ભારત માટે આ ઉત્તમ સમય છે. આજે ભારત ફિલ્મ નિર્માણ, ડિજિટલ સામગ્રી, ગેમિંગ, ફેશન, સંગીત અને લાઇવ કોન્સર્ટ માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.

મુંબઈમાં જિયો વર્લ્ડ સેન્ટર ખાતે વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય અને મનોરંજન શિખર સંમેલન-વેવ્સ 2025નું ઉદ્ઘાટન કર્યા બાદ પ્રધાનમંત્રીએ આમ જણાવ્યું.

તેમણે જણાવ્યું કે વૈશ્વિક એનિમેશન બજારમાં વિશાળ સંભાવના છે, જેનું મૂલ્ય હાલમાં 430 અબજ ડોલરથી વધુ છે અને આગામી દાયકામાં તે બમણું થવાની ધારણા છે.

(BYTE MODI ON GLOBAL PLATFORM)

ભારતના સર્જનાત્મક અર્થતંત્રની અપાર ક્ષમતા પર ભાર મૂકતા તેમણે જણાવ્યું કે, આગામી વર્ષોમાં દેશના જીડીપીમાં તેનું યોગદાન નોંધપાત્ર રીતે વધવાનું નિશ્ચિત છે.

તેમણે જણાવ્યું કે, વેવ્ઝમાં 100થી વધુ દેશોનાં કલાકારો, રોકાણકારો, ઇનોવેટર્સ અને નીતિ ઘડવૈયાઓ એક છત હેઠળ એકત્ર થયા હોવાથી વૈશ્વિક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે....1

# WAVES PM MODI-2

શ્રી મોદીએ જણાવ્યું કે, ભવિષ્યમાં વેવ્ઝ પુરસ્કાર પણ શરૂ કરવામાં આવશે.

(PM BYTE WAVES AWARDS)

પ્રધાનમંત્રીએ ભારતના ઊંડા સાંસ્કૃતિક મૂળિયા પર ભાર મૂકતા જણાવ્યું કે, દરેક શેરીમાં એક કહાની છે. તેમણે વૈશ્વિક સર્જક સમુદાયને આમંત્રણ આપતા ખાતરી આપી કે ભારતની વાર્તાઓ સાથે જોડાવાથી તેમની પોતાની સંસ્કૃતિ પ્રદર્શિત કરતી વાર્તાઓ બહાર આવશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતની સમૃદ્ધ વાર્તા કથન પરંપરામાં એવા વિષયો અને લાગણીઓ છે જે સરહદોને પાર કરે છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આજે ભારતીય ફિલ્મો 100થી વધુ દેશોમાં રજૂ થઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, દેશમાં ઓટીટી ક્ષેત્રે જબરદસ્ત વૃદ્ધિ જોવા મળી છે. તેમણે જણાવ્યું કે, ભારતમાં રહીને વિશ્વ માટે સર્જન કરવાનો આ યોગ્ય સમય છે.

. . . . . . . . . . . . . . .

# AMIT SHAH ON TERRORISM

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે સરકાર પહેલગામ આતંકવાદી હુમલામાં સામેલ કોઈને પણ છોડશે નહીં. નવી દિલ્હીમાં બોડો નેતા બોડોફા ઉપેન્દ્રનાથ બ્રહ્માની પ્રતિમાનું અનાવરણ કર્યા બાદ એક જનસભાને સંબોધન કરતા શ્રી શાહે દેશના દરેક ખૂણેથી આતંકવાદને ઉખાડી ફેંકવાના સરકારના સંકલ્પને દોહરાવતા કહ્યું કે આતંકવાદ સામેની લડાઈ ચાલુ રહેશે અને જેમણે આ હુમલો કર્યો છે તેમને જડબાતોડ જવાબ આપવામાં આવશે.

**(BYTE -- AMIT SHAH JAWAB)**

તેમણે ઉમેર્યું હતું કે, આ લડાઈમાં માત્ર 140 કરોડ ભારતીયો જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ ભારતની સાથે ઊભું છે. શ્રી શાહે કહ્યું કે વિશ્વના તમામ દેશો એક સાથે આવ્યા છે અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતના લોકોને ટેકો આપી રહ્યા છે.

દરમિયાન, શ્રી શાહે ગુજરાત અને મહારાષ્ટ્રના સ્થાપના દિવસે બંને રાજ્યોનાં લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. નવી દિલ્હીમાં ગુજરાત-મહારાષ્ટ્ર સ્થાપના દિવસ મિલન સમારોહમાં શ્રી શાહે જણાવ્યું કે બંને રાજ્યોએ અલગ થયા પછી નોંધપાત્ર પ્રગતિ કરી છે.

. . . . . . . . . . . . . . .

# MURUGAN - LIVE EVENT

માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી એલ. મુરુગન મુંબઈમાં વેવ્ઝ શિખર સંમેલન દરમિયાન શનિવારે 'ઇન્ડિયાઝ લાઇવ ઇવેન્ટ્સ ઇકોનોમીઃ એ સ્ટ્રેટેજિક ગ્રોથ ઇમ્પેરેટિવ' નું અનાવરણ કરશે. આ શ્વેતપત્રમાં ભારતમાં ઝડપથી વિસ્તરણ કરી રહેલા જીવંત મનોરંજન ઉદ્યોગનું સર્વગ્રાહી વિશ્વેષણ કરવામાં આવ્યું છે.

આ શ્વેતપત્ર માહિતી અને પ્રસારણ મંત્રાલયે તૈયાર કર્યું છે. મંત્રાલયનાં જણાવ્યા પ્રમાણે સંગઠિત લાઇવ ઇવેન્ટ ક્ષેત્રએ 15 ટકા વૃધ્ધિ નોંધાવી છે અને આવકમાં 13 અબજ રૂપિયાનું પ્રદાન આપ્યું છે.

. . . . . . . . . . . . . . .

# VICE PRESIDENT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે જણાવ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલાથી ઊભા થયેલા પડકારનો સામનો કરવા રાષ્ટ્રએ એકજૂથ રહેવાની જરૂર છે. ઉત્તર પ્રદેશના લખનૌમાં રાજ્યપાલ આનંદી પટેલની જીવનકથા 'ચુનૌતિયાં મુઝે પસંદ હૈં "નું વિમોચન કરતા ઉપરાષ્ટ્રપતિએ ભારતના વધતા વૈશ્વિક પ્રભાવની પ્રશંસા કરી હતી.

આ પુસ્તકમાં આનંદીબેન પટેલની ગુજરાતનાં રાજકીય કાર્યકર્તાથી માંડીને મુખ્યમંત્રી અને ત્યારબાદ ઉત્તરપ્રદેશનાં રાજ્યપાલ તરીકેનાં સંઘર્ષની કહાની છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આનંદીબેનના સંઘર્ષમય જીવનની શૂન્યથી શિખર સુધીની પ્રેરણાદાયક યાત્રાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આ પુસ્તક નવી પેઢી માટે માર્ગદર્શક સમાન છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# EC INTIATIVES

ચૂંટણી પંચે ક્ષતિરહિત મતદાર યાદી તૈયાર કરવા, બુથ સ્તરના અધિકારીઓની ઓળખ પ્રસ્થાપિત કરવા અને મતદારોને અનુકુળ મતદાર કાપલી બનાવવા  જેવી પહેલ શરૂ કરી છે.

ચૂંટણી પંચ મૃત્યુ નોંધણીની વિગતો ભારતના રજીસ્ટ્રાર જનરલ પાસેથી મેળવશે. આનાથી એ સુનિશ્ચિત થશે કે મતદાતા નોંધણી અધિકારીઓને નોંધાયેલા મૃત્યુ અંગેની માહિતી સમયસર મળે. બૂથ લેવલ અધિકારીઓ સ્થળ મુલાકાત કરી તેની પુષ્ટી કરશે.

મતદારોને પોતાના મતદાન કેન્દ્રની માહિતી સરળતાથી મળી રહે તથા મતદાર યાદીમાં પોતાનું નામ શોધવામાં સરળતા રહે તે માટે મતદાર કાપલીની ડિઝાઈનમાં ફેરફાર કરાશે. આ નવી ડિઝાઈનની મતદાર કાપલીમાં મતદારનો સીરિયલ નંબર અને પાર્ટ નંબરને વધુ મોટા ફોન્ટમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવશે.

મતદાર નોંધણી અને ચકાસણી અભિયાન દરમિયાન નાગરિકો પોતાના બૂથ લેવલ ઑફિસરને સરળતાથી ઓળખી શકે તે માટે મતદાર નોંધણી અધિકારી દ્વારા નિયુક્ત પ્રત્યેક બૂથ લેવલ ઑફિસર્સને ફોટો ઓળખપત્ર આપવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

# GST COLLECTIONS- APRIL

ચીજ વસ્તુ અને સેવા કર-GST ની વસૂલાત એપ્રિલ મહિનામાં ગયા વર્ષના એપ્રિલ મહિનાની સરખામણીમાં 12.6 ટકા વધીને 2.37 લાખ કરોડ રૂપિયાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી છે. સરકારી આંકડાઓ અનુસાર, આ મહિનામાં કેન્દ્રીય જીએસટી વસૂલાત 48 હજાર 634 કરોડ રૂપિયા અને રાજ્ય જીએસટી વસૂલાત 59 હજાર 372 કરોડ રૂપિયા હતી.

સંકલિત જીએસટી પેટે એક લાખ કરોડ રૂપિયાથી વધુ  અને સેસ પેટે ₹13 હજાર 451 કરોડની આવક થઈ હતી.

સ્થાનિક વ્યવહારોમાંથી જીએસટીની આવક 10.7 ટકા વધીને આશરે 1.90 લાખ કરોડ રૂપિયા થઈ હતી, જ્યારે આયાતી ચીજવસ્તુઓમાંથી આવક 20.8 ટકા વધીને 46 હજાર 913 કરોડ રૂપિયા થઈ હતી.

. . . . . . . . . . . . . . .

# IPL

આઇપીએલમાં, રાજસ્થાન રોયલ્સે મુંબઇ ઇન્ડિયન્સ સામે ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી છે. જયપુરનાં સવાઇ માનસિંહ સ્ટેડિયમમાં રમાઇ રહેલી આ મેચમાં છેલ્લા અહેવાલ પ્રમાણે મુંબઇ ઇન્ડિયન્સે.5 ઓવરમાં.0 વિકેટે.45  રન કર્યા છે.

. . . . . . . . . . . . . . . .

# LOC-FIRING

પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર ઉશ્કેરણી વગર ગોળીબાર કરીને સતત સાતમી રાત્રે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે. સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય સેનાએ પાકિસ્તાની સેના દ્વારા નાના શસ્ત્રોથી કરવામાં આવેલા ગોળીબારનો અસરકારક જવાબ આપ્યો હતો.

પાકિસ્તાની સેનાની ચોકીઓએ કુપવાડા, ઉરી અને અખનૂર સેક્ટરની સામેના વિસ્તારોમાં નિયંત્રણ રેખા પર ગોળીબાર શરૂ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# SC- PAHALGAM PIL

સર્વોચ્ચ અદાલતે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની ન્યાયિક તપાસની માંગ કરતી જાહેર હિતની અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો. અદાલતે ચેતવણી આપી હતી કે આવું પગલું નિર્ણાયક સમયે સશસ્ત્ર દળોનું મનોબળ તોડી શકે છે. સર્વોચ્ચ અદાલતે એવી પણ ટિપ્પણી કરી હતી કે આવી અરજી દાખલ કરતા પહેલા આ મુદ્દાની સંવેદનશીલતાને ધ્યાનમાં લેવી જોઈએ.

અદાલતની ટિપ્પણી બાદ જમ્મુ-કાશ્મીરના ત્રણ રહેવાસીઓ દ્વારા દાખલ કરાયેલી અરજી પાછી ખેંચી લેવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . .

# INDIA WOMEN HOCKEY

ભારતીય મહિલા હોકી ટીમનો ઓસ્ટ્રેલિયા સામે પર્થ હોકી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં શૂન્ય-બેથી પરાજય થયો. હવે શનિવારે બીજી મેચ રમાશે.

અગાઉ ઓસ્ટ્રેલિયા A સામેની બે મેચમાં પણ ભારતનો પરાજય થયો હતો.

. . . . . . . . . . . . . . . .